ગુજરાત પ્રદેશ ભાજપા

પ્રેસનોટ ૦૧

૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬

-------

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેતા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી

-------

વડનગરથી વારાણસી તરફ જઈ રહેલી ઐતિહાસિક બાઈક સેવા યાત્રાનું સાણંદ ખાતે સ્વાગત કરી યાત્રામાં સહભાગી થતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

-------

આ યાત્રા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જાહેરજીવનના સેવા, સમર્પણ અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પને જનભાગીદારી સાથે આગળ ધપાવવાનું માધ્યમ છે

- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

-------

મોડાસા ખાતે વડનગરથી વારાણસી બાઈક સેવા યાત્રામાં જોડાઈ થઈ યુવાનોનો ઉત્સાહ વધારતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

મોડાસા ખાતે 'યુવા સંવાદ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિકસિત ભારતના નિર્માણમાં યુવા શક્તિની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે સંવાદ કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

યુવાનોની પ્રતિભા, નવીન વિચારશક્તિ, ટેક્નોલોજી પ્રત્યેની સમજ અને રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની પ્રતિબદ્ધતા ભારતને નવી ઊંચાઈઓ સુધી લઈ જવામાં મહત્વપૂર્ણ સાબિત થશે

- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

મેઘરજ ખાતે આયોજિત ગ્રામસભામાં ગરીબ, વંચિત, ખેડૂત, યુવા અને મધ્યમ વર્ગના સશક્તિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાયેલા વિવિધ જનકલ્યાણકારી પ્રયાસો તથા દેશના વિકાસને નવી ગતિ આપનારા કાર્યો અંગે નાગરિકો સાથે વિસ્તૃત ચર્ચા કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન દ્વારા પગપાળા અંબાજી જતા પદયાત્રીઓ માટે શરૂ કરાયેલ 'વિસામો' પદયાત્રી સેવા કેમ્પની મુલાકાત લઈ માઇભક્તો સાથે આત્મીય સંવાદ કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

ગાંધીનગર જિલ્લાના મોટા ચિલોડા તેમજ ખેડા જિલ્લાના મહેમદાબાદ ખાતે 'વડનગરથી વારાણસી' બાઈક સેવા યાત્રામાં સહભાગી થતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

-------

મોટા ચિલોડા ખાતે ગંગાસ્વરૂપા માતાઓ-બહેનોને કીટનું વિતરણ કરી સ્નેહસભર સંવાદ કરતા રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી

-------

મહેમદાબાદ ખાતે મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની બહેનો અને ગ્રામજનો સાથેના સંવાદ યોજી શ્રી મોદીજીના શાસનકાળમાં સામાન્ય પરિવારોના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તન અંગે ચર્ચા કરતા શ્રી હર્ષભાઈ સંઘવી

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકે સેવા અને સમર્પણના ૨૫ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર દેશમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ સેવાકીય અને જનસંપર્કલક્ષી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ અભિયાન અંતર્ગત વડનગરથી વારાણસી સુધીની ઐતિહાસિક બાઈક સેવા યાત્રાનું ૧૭ સપ્ટેમ્બરે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં પ્રસ્થાન થયું હતું. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી આજે વિભિન્ન સ્થાનોએ ઉપસ્થિત રહી યાત્રામાં સહભાગી થયા હતાં અને સંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં.

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વડનગરથી વારાણસી તરફ જઈ રહેલી ઐતિહાસિક બાઈક સેવા યાત્રાનું સાણંદ ખાતે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વાગત કર્યું હતું અને તેઓએ યાત્રામાં સહભાગી થયા હતા. તેમણે આ યાત્રાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જાહેરજીવનના સેવા, સમર્પણ અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પને જનભાગીદારી સાથે આગળ ધપાવવાનું માધ્યમ ગણાવી હતી. આ પ્રસંગે અમદાવાદ જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી શૈલેષભાઈ દાવડા, પ્રભારી શ્રી કશ્યપભાઈ શુક્લ, ધારાસભ્ય સહિત ભાજપા આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વડનગરથી વારાણસી બાઈક સેવા યાત્રામાં સહભાગી થઈ યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો. કિશોરપુરા ખાતે સેવા

યાત્રાના સ્વાગત કાર્યક્રમમાં પણ પ્રદેશ અધ્યક્ષશ્રી વિશ્વકર્મા જોડાયા હતા. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મોડાસા ખાતે 'યુવા સંવાદ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિકસિત ભારતના નિર્માણમાં યુવા શક્તિની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે ચર્ચા કરી હતી. યુવાનોની પ્રતિભા, નવીન વિચારશક્તિ, ટેક્નોલોજી પ્રત્યેની સમજ અને રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની પ્રતિબદ્ધતા ભારતને નવી ઊંચાઈઓ સુધી લઈ જવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. યુવાનો શિક્ષણ, કૌશલ્ય, સ્ટાર્ટઅપ, સંશોધન, રમતગમત અને વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદાન કરીને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં સક્રિય ભાગીદાર બને તે માટે તેમણે આહ્વાન કર્યું હતું. આ સાથે જ તેમણે શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ દેશમાં થઈ રહેલી યુવા કેન્દ્રિત કામગીરી અને યોજનાઓ અંગે પણ સંવાદ કર્યો હતો.

શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મેઘરજ ખાતે યોજાયેલી ગ્રામસભામાં ઉપસ્થિત રહી ગ્રામજનો સાથે સીધો અને આત્મીય સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જાહેરજીવનને 'સેવા, સુશાસન અને રાષ્ટ્રનિર્માણની અવિરત યાત્રા' ગણાવી, ગરીબ, વંચિત, ખેડૂત, યુવા અને મધ્યમ વર્ગના સશક્તિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાયેલા વિવિધ જનકલ્યાણકારી પ્રયાસો તથા દેશના વિકાસને નવી ગતિ આપનારા કાર્યો અંગે નાગરિકો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી.

ભાદરવી પૂનમના પાવન અવસરે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પગપાળા જગતજનની મા અંબાના દર્શન માટે અંબાજી ધામ તરફ પ્રયાણ કરી રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન દ્વારા 'સેવા એ જ સંગઠન'ની ભાવનાને સાકાર કરતા 'વિસામો' પદયાત્રી સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ 'વિસામો' સેવાકેમ્પની મુલાકાત લઈ માઈભક્તોની સેવાનો લાભ લીધો હતો અને અંબાજી તરફ પગપાળા જઈ રહેલા શ્રદ્ધાળુઓ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો.

આ પ્રસંગે પ્રદેશ મંત્રી તથા જિલ્લાના પ્રભારી શ્રી સંજયભાઈ દેસાઈ, જિલ્લા અધ્યક્ષ શ્રી ભીખાજી ઠાકોર, સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા, ધારાસભ્ય સહિત ભાજપાના આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત મોટા ચિલોડા ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ ગંગાસ્વરૂપા માતાઓ-બહેનોને કીટનું વિતરણ કરી તેમની સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે ગંગાસ્વરૂપા બહેનોનું સન્માન કરી સમાજ પ્રત્યે તેમના યોગદાન અને સંઘર્ષ પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. આ સાથે જ ગાંધીનગરથી બાઈક પર નીકળેલી 'સેવા યાત્રા' મહેમદાબાદ ખાતે પહોંચી હતી જ્યાં નાયબ

મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી પણ બાઈક યાત્રામાં સહભાગી બન્યા હતા. તેમણે મહેમદાબાદ ખાતે મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની બહેનો અને ગ્રામજનો સાથેના સંવાદ કર્યો હતો.

મહેમદાબાદ ખાતે શ્રી સંઘવીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જનસેવાના કાર્યકાળ દરમિયાન સામાન્ય પરિવારોના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તન અંગે સંવાદ કર્યો હતો. પીએમ આવાસ યોજના દ્વારા પાકું ઘર, સ્વચ્છતા અને 'ઇજ્જત ઘર', કિસાન સન્માન નિધિ દ્વારા ખેડૂતોને સહાય તથા પાણી અને વીજળી જેવી મૂળભૂત સુવિધાઓના વિસ્તરણથી ગ્રામ્ય જીવનમાં આવેલા પરિવર્તન અંગે તેમણે ચર્ચા કરી હતી. શ્રી સંઘવીએ નડિયાદના પવિત્ર સંતરામ મહારાજ મંદિરે દર્શન કરી પૂજ્ય ગુરુમહારાજના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં.

આ અવસરે પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ સંજયસિંહ મહિડા, શ્રીમતી મનીષાબેન વકીલ, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી રસિકભાઇ પ્રજાપતિ, ગાંધીનગર જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી અનિલભાઈ પટેલ, ખેડા જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રીમતી નયનાબેન પટેલ, પ્રભારીશ્રી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, ધારાસભ્યશ્રી સહિત આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગામેગામ વડીલોના આશીર્વાદ મેળવતી, સ્વચ્છતા અને ગૌસેવાનો સંદેશ આપતી આ સેવા યાત્રા વડનગરથી વારાણસી સુધી સેવા અને જનસંપર્કનો સંદેશ પહોંચાડવાના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. યાત્રાના વિવિધ પડાવોમાં યુવાનો દ્વારા ગ્રામજનો સાથે સંવાદ, સ્વચ્છતા પ્રવૃત્તિઓ, ગૌસેવા અને વડીલોની મુલાકાત જેવી સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત